
૭ B 5

1600132

# મોટા પાઠો




શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૨૯ મું સંપાદકો ગિજુભાઈ અને તારાબેન

ડીસેમ્બર • ૧૯૪૮ ] ☆ [ કિંમત [redacted]

પાંચ આના

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૨૯ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મોટા પાઠો

: લેખક :
ગિજુભાઈ

卐

: મુખ્ય વિક્રેતા :
આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૪૮

: પ્રકાશક :
અચરતલાલ ર. શેઠ
શ્રી. વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ (કાઠિયાવાડ)

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી આમલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ (કાઠિયાવાડ)

* * *

બાલસાહિત્યમાળાનાં
૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત ચાર આના
ટપાલ ખર્ચ જુદું

કુલ નકલ ૯૫૬૦

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૦૬૦

બીજી આવૃત્તિ
બે મુદ્રણો
૩૩૫૦ નકલો

તૃતીય મુદ્રણ
૧૧૫૦ નકલો
૩૦ : ૧૧ : ૪૮

# મોટા પાઠો

## પતંગિયાં

બાગે બાગે ફૂલછોડ;
છોડે છોડે ફૂલ ફૂલ;
ફૂલે ફૂલે પતંગિયાં.
જાતજાતનાં પતંગિયાં;
ભાતભાતનાં પતંગિયાં;
રંગબેરંગી પતંગિયાં;
નાનાં મોટાં પતંગિયાં;
આવ, પતંગિયાં! નહિ આવું.
તારી પાંખ પકડીશ; નહિ પકડાઉં.
તને રંગે રંગીશ; નહિ રંગાઉં.
તને અંગે અડીશ; ઊડી જઈશ.

☆ ☆

# મખમલિયાં

વા વાયો ને વાદળ ચડયું;
મેઘ ગાજ્યો ને પાણી પડયું;
ભોંય પલળી ને ખડ થયું;
ખડમાં જો મખમલિયું રહ્યું.

મખમલ જેવો તારો રંગ,
મખમલ જેવું તારું અંગ.

લાલ લાલ ને સુંવાળું,
સુંવાળું ને લાલ લાલ.

આવ, મખમલિયા ! આવ.
ભાભી ! મને વીણવા દે;
મને એ પાળવા દે;
ડાબલીમાં ભરવા દે.

કેટલાં બધાં મખમલિયાં !
માણેક જેવાં મખમલિયાં !

☆ ☆

# ટીડડાં

ફળિયામાં આકડા,
વાડામાં આકડા;
જ્યાં જુઓ ત્યાં આકડા.

આકડે આકડે લીલાં પાન,
પાને પાને ટીડકરાજ;
જ્યાં જુઓ ત્યાં ટીડારાજ.

આમ ઊડે, તેમ ઊડે;
પાન ખાય, જાડા થાય;
જાડા થાય, ઈંડાં મૂકે;
ઈંડે ઈંડે, ટીડડું ઊડે.

દીવા ફરતા ઊડ્યા કરે,
ખાવાટાણે ભાણે પડે,
ટપ ટપ કરતા માથે ચડે,
ઊંચા થઈને નીચે પડે.

ટીડારાણા રામરામ;
ટીડારાણા શામશામ.

☆ ☆

# માખીનો વાઘ

વનના વાઘે વન ગાજે.
વનના વાઘે પશુ ભાગે.
વનનો વાઘ વાછડા જેવડો.
વનના વાઘે ચટાપટા.
આને વાઘ કેમ કહો છો ?
  માખી બેઠી ગણગણ કરે;
  પાંખ પગને ફફડાવે;
  ગોળ ખાંડ ચૂસે કરે;
  વાઘ એના ઉપર પડે;
  ઝટ દઈને પકડી પાડે.
માખીનો એ વાઘ છે;
માખીનો એ કાળ છે.
આ વાઘ ઘરમાં રહે,
માખી પાછળ ફર્યા કરે;
માખી દીઠી મૂકે નહિ,
એક ચોટ ચૂકે નહિ.

☆ ☆

# કરોળિયો

ઘરમાં ચાર ખૂણા છે.

ત્રણ ખૂણા ખાલી છે,
એક ખૂણે જાળું છે,
કરોળિયાનું થાણું છે,
લાળે લાળે બાંધ્યું છે.

મચ્છર નીકળ્યો;
આવો ભાઈ!
માખી નીકળી;
આવો ભાઈ!

નજીક આવ્યે હડી કાઢે,
ઝટ દઈને ચોટ નાખે;
ચક્કર ચક્કર ફરવા માંડે,
લાળે લાળે વીંટી વાળે.

હાથ પગને બાંધી વાળે;
કેદી કરી તાબે કરે;
તાબે કરી ગળે ધરે.

☆ ☆

## માખી

ગોળ ઉપર માખી;
ખાંડ ઉપર માંખી;
થૂંક ઉપર માખી;
છેડા ઉપર માખી.

ગોળ ઉપરથી ગૂ ઉપર,
ને ગૂ ઉપરથી ગોળ ઉપર,
માખી તે કાંઈ ગંદી !
માખી તે કાંઈ મેલી !

ગંદી ગંદી ગંદકીભરી,
ખાવાના પર બેસે ઠરી;
ગંદું ગંદું ખાવું કરે;
નાની મોટી પીડા કરે.

ચાલો એને ઉડાડીએ.
ચાલો એને કાઢી મૂકીએ.
ચાલો બધું ઢાંકી દઈએ.
ચાલો ગંદકી બાળી દઈએ.

☆ ☆

## મચ્છર

ગણગણ કરતા ફરતા ફરે;
જેને તેને કરડ્યા કરે;
દિ'એ સંતાકૂકડી રમે;
રાતે ફરવા નીકળી પડે.
ચાલો એને કાઢી મૂકીએ.
ઝાપટ મારતાં નથી જતા;
પવન ફૂંકતાં નથી જતા.
ચાલો ત્યારે ધુમાડો કરીએ.
લોબાનથી એ નહિ જાય;
ગૂગળથી પણ નહિ જાય;
લીમડાથી એ ચાલ્યા જશે.
કાઢ્યા તો યે પાછા આવ્યા!
આ ખાડામાં મચ્છર છે;
પેલા ખાડામાં મચ્છર છે.
ઘાસલેટ રેડો, ફિનાઈલ રેડો;
મચ્છરબચ્છર થશે નહિ, તો.

☆ ☆

# ચકલી

આ માળામાં ચકલી છે.
ચકલીને ચાર બચ્ચાં છે.
ચારે બચ્ચાંને ચાંચો છે;
ચારે બચ્ચાંને પાંખો છે.

કુસુમબેન ચોખા લાવ્યાં;
ભાનુમતી તલ લાવ્યાં;
નભુભાઈ જાર લાવ્યા;
બાબીબેન મગ લાવ્યાં.

મગ તો કોઈ નથી ખાતું;
તલ બચ્ચાંને ભાવે છે.
ચોખા તો ચકલી ચણે છે;
જાર એને નથી ભાવતી.
લાવો ને હવે પાણી પાઈએ?
ચકલીબાઈએ પાણી પીધું,
ચાંચે ચાંચે બચ્ચાંને પાયું,
ખાધું પીધું ને રાજ કર્યું.

☆ ☆

# કાગડો

વંડી ઉપરથી વડ ઉપર
ને વડ ઉપરથી વંડી ઉપર,
ખાટલેથી ખીંતીએ
ને ખીંતીએથી ખાટલે,
'કા કા' કરતો કાગ ઊડે.

કબૂતર પકડું, ચકલી પકડું,
મોર પકડું, કાબર પકડું,
કોયલ પકડું, હોલું પકડું;
કાગડો કોઈથી ન પકડાય.
કાગડો કોઈથી ન છેતરાય.

વાણિયે એને પકડેલો;
એની એક વાર્તા છે;
સાચું ખોટું એ જાણે.

શિયાળે એને છેતરેલો;
એની યે એક વાર્તા છે;
સાચું ખોટું એ જાણે.

☆ ☆

# પોપટ

પાંજરામાં પોપટ છે.
પીળી લીલી પાંખ છે;
નમણું રાતું નાક છે;
ગળે કાળો કાંઠલો છે.
પઢો, પોપટજી! પઢો.

પઢે તે પોપટ, ના પઢે તે સૂડા;
પંખીની નાતમાં પોપટજી રૂડા!

પઢો, પોપટજી! પઢો.
સીતા રામ પઢો,
શ્રી ભગવાન પઢો.

હંસાબહેને પઢાવ્યા;
મનુભાઈએ પઢાવ્યા.

સૌએ એને પઢાવ્યા;
પોપટજી પઢી રહ્યા.

☆ ☆

# પારેવાં

ઘરની ભીંતે ગોખલો છે;
ગોખલે પારેવાં બેઠાં છે.
ભૂરાં છે ને ભોળાં છે;
નર ને એક નારી છે.
સળીઓનું આ શું કરશો?
એનો અમે માળો બાંધશું.
માળે તમે શું કરશો?
માળે અમે ઈંડાં મૂકશું.
ઈંડાંમાંથી શું થશે?
ઈંડાંમાંથી બચ્ચાં થશે.
બચ્ચાં પછી શું કરશે?
મોટાં થઈને ઊડી જશે.
પછી તમે શું કરશો?
પછી પાછો માળો બાંધશું;
પછી પાછાં ઈંડાં મૂકશું;
પછી પાછું એનું એ.

☆ ☆

# હોલું

ખોરડાને બે પડાળ;
એક પડાળ આ બાજુ,
ને બીજું પડાળ પેલી બાજુ.
વચ્ચે લાંબો મોભ હોય.
મોભે બેસી હોલું બોલે:
"ઘૂઘૂ….ઘૂ, ઘૂઘૂ….ઘૂ.
હું તો તેજૂ….ડી.
હું તો તેજૂ….ડી."
બા, બા! શું બોલે છે?
એ તો હોલું બોલે છે;
જો પણે મોભ ઉપર.
હવે કાંઈક બીજું બોલે છે.
એ તો એમ બોલે છે:
"ભાભી…..જી!
ઘઉં ભરડું કે કાંકરડા?"
વાહ! હોલું તો ભારે છે!

☆ ☆

# ચીબરી

ચીબરીબાઈ ! રામરામ.
ચીબચીબ.
ચીબરીબાઈ ! શામશામ.
ચીબચીબ.
ચીબરીબાઈ ! કેમ બેઠાં ?
દિવસ છે.
ચીબરીબાઈ ! ક્યારે ઊડશો ?
રાત્રે પડશે.
ચીબરીબાઈ ! આંખ કેવી ?
ગોળ ગોળ.
ચીબરીબાઈ ! પાંખ કેવી ?
પંખા જેવી.
ચીબરીબાઈ ! ચાંચ કેવી ?
ઘુંવડ જેવી.
ચીબરીબાઈ ! મોં કેવું ?
ચીબરી જેવું.

☆ ☆

# કૂકડી

ઘર પછવાડે વાડો છે.
વાડામાં એક ખાડો છે,
ખાડામાં બે બચ્ચાં છે;
કૂકડીનાં એ કચ્ચાં છે.
કૂકડી, કૂકડી! રામરામ.
કૂકડે કૂ, કૂકડે કૂ.
અમારે બચ્ચાં જોવાં છે.
કૂકડે કૂ, કૂકડે કૂ.
અહા, તમારાં કાંઈ બચ્ચાં!
કૂકડે કૂ, કૂકડે કૂ.
એક અમને આપશો કે?
કૂકડે કૂ, કૂકડે કૂ.
લ્યો, હવે રામરામ!
કૂકડે કૂ, કૂકડે કૂ.
કૂકડી કાંઈ ભલી છે!
કૂકડો કાંઈ ભલો છે!

☆ ☆

# મોર

લીમડાને ડાળો છે.
ડાળે ડાળે મોર છે.
મોરે મોરે પીંછાં છે.
પીંછે પીંછે ટીલડી છે.
ટીલડીએ ટીલડીએ રંગો છે.

સવારે મોર કેમ બોલે?
પિયુ પિયુ.
બપોરે મોર કેમ બોલે?
ટેહુક ટેહુક.
સાંજે મોર કેમ બોલે?
મેઆવ મેઆવ.

મોર રોજ કળા કરે;
કળા કરતો નાચ કરે.
ઢેલ નાચ ઝીલ્યા કરે;
નાચેનાચે ડોલ્યા કરે;
મોરપીંછાં ઝૂલ્યા કરે.

☆ ☆

# માકંડ

કેમ માકડભાઈ! કરડો છો?
　　ભૂખ લાગે તે શું કરીએ?
કેમ અમને કનડો છો?
　　શું કામ અમને રાખો છો?
કોણ તમને રાખે છે?
　　તમે અમને રાખો છો.
ક્યાં અમે રાખીએ છીએ?
　　ખાટલામાં, પલંગમાં;
　　ગાદલામાં, ગાદલીમાં;
　　બાંકડામાં, ખુરશીમાં.
કેમે કરીને જવું છે?
　　કાઢો ત્યારે જઈએ ના?
કેમ કરીને કાઢીએ?
　　તેલ છાંટો, તડકે નાખો;
　　સ્વચ્છ રહો, સ્વચ્છ રાખો.
　　કોણ તમારે ત્યાં આવે છે?

☆ ☆

# જૂ

જૂબાઈ, જૂબાઈ! ક્યાં રહેવાં?
રહેવાં માણસના માથામાં.
જૂબાઈ, જૂબાઈ! શું ખાઓ?
ખાઈએ માણસનું લોહી.
જૂબાઈ, જૂબાઈ! કેટલાં છોકરાં?
છોકરાંછૈયાં લાખમલાખ.
જૂબાઈ, જૂબાઈ! ક્યાંથી આવ્યાં?
આવ્યાં અમે તળાવેથી,
આવ્યાં અમે પરસેવાથી,
આવ્યાં અમે દાંતિયેથી,
આવ્યાં અમે ગંદકીથી.
જૂબાઈ, જૂબાઈ! કેમ જશો?
માથું ઓળી નહાયે જશું,
પારાવાળા તેલે જશું,
દાક્તરની દવાએ જશું,
માણસની ચોખ્ખાઈએ જશું.

☆ ☆

# ગરોળી

આ ભીંતે ગરોળી,
પેલી ભીંતે ગરોળી;
રસોડામાં ગરોળી,
પાયખાનામાં ગરોળી;
ભીંતે ભીંતે ગરોળી,
જ્યાં જુઓ ત્યાં ગરોળી.

કેવી હોય એ ગરોળી?
ચાર એને પગ છે,
બે એને આંખો છે,
એક એને પૂંછડી છે;
મગરની એ માશી હશે.

શું ખાય એ ગરોળી?
માખીને એ ગળી જાય,
પતંગિયાને પકડી લે,
ટીડડાંને નહિ જાવા દે,
કૂદડાંને નવ દીઠાં મૂકે.

☆ ☆

# કીડી

ઘેર ઘેર દર ઘણાં.
દરે દરે કણ ઘણા;
દરે દરે કીડી ઘણી;
ઘેર ઘેર દર ઘણાં.

જુઓ તો આ કીડીહાર!
એક પાછળ બીજી છે;
બીજી પાછળ ત્રીજી છે;
ત્રીજી પાછળ ચોથી છે;
એમ જાય પાછળ પાછળ.

જુઓ તો આ એની રીત!
પૂછ્યા વિના સાકર ખાય;
પૂછ્યા વિના ગોળ ખાય.
પૂછ્યા વિના કણ લે;
પૂછ્યા વિના મધ ચાટે.
પૂછ્યા વિના પાણી પીએ;
પૂછ્યા વિના આવે જાય.

☆ ☆

# કાકીડો

વાડ ઉપર કાકીડો,
ઝાડ ઉપર કાકીડો;
બાવળ ઉપર કાકીડો,
આવળ ઉપર કાકીડો;
થોર ઉપર કાકીડો,
બોર ઉપર કાકીડો.

રમુ કહે: "એ .... પણે કાકીડો."
લાલો કહે: "ચાલો એને ડોલાવીએ."
ભાભા કહે: "હું એને ડોલાવીશ.

ડોલ, કાકીડા ડોલ;
તારી વાડીમાં કમળફૂલ.
અરે, આ તો ડોક હલાવે છે!
વાહ, કાંઈ ડોક છે!
લાલ લાલ ચોળ છે.
ડોલ, કાકીડા! ડોલ;
તારી વાડીમાં કમળફૂલ."

☆ ☆

# વીંછી

દોડો દોડો; વીંછી નીકળ્યો.
હા માળું, વીંછી છે કાંઈ!
લાવો ને ઝટ સાણશી!
લાવો ને કોઈ ચીપિયો!

એ ભાગ્યો, એ ભાગ્યો!
ભાગશે ક્યાં? આ દબાવ્યો.

લાવો હવે દોરો; આંકડો જ બાંધીએ.
જોજે હં, બરાબર બાંધજે.
વાહ વીંછીભાઈ! ભારે થઈ!
હવે બિચારો કેમ ચાલે?
બાંધ્યા પછી શું થાય?

અરે ભાઈ! એને છોડી દો ને?

ના રે ભાઈ! કરડી ખાય ને?
છોડી દો ને, છોડી દો ને?
છેટે જઈ ને મૂકી દો ને?

☆ ☆

# ઉંદર

ભીંતોમાં ઉંદર છે.
ઉંદર નાના મોટા છે;
ઉંદર કાળા ભૂરા છે;
ઉંદર ભારે પાકા છે.
ચાલો ને આપણે ઉંદર પકડીએ?
ઉંદરિયાને અહીં મૂકો;
મહીં એક રોટલી નાખો.
હવે આપણે ખસી જાઓ;
આઘાપાછા થઈ જાઓ.
કેમ ભાઈ! પકડાયા કે?
રોટલી ખાવાં આવ્યા'તા કે?
કૂદી કૂદીને ક્યાં જશો?
ડોળા ફાડયેથી શું થશે?
મૂછો હલાવ્યે શું થશે?
ચાલો તમને કોણ પૂરે!
ઉંદરભાઈને છોડી મૂક્યા.

☆ ☆

# બિલ્લી

બિલ્લી અમે પાળી છે,
ડિલે આંખે કાળી છે;
તીણા તીણા નખ છે,
કૂણા કૂણા પગ છે.
બિલ્લીબાઈ! કેમ બેસશો?
ખોળે ચડી.
બિલ્લીબાઈ! કેમ બોલશો?
મિયાઉં મિયાઉં.
બિલ્લીબાઈ! શું ભાવે?
ઉંદરબુંદર.
બિલ્લીબાઈ! શું પીશો?
દૂધબૂધ.
બિલ્લીબાઈ! કેમ ખિજાશો?
ધુર્રર ધુરરર.
બિલ્લીબાઈ! કેમ રીઝશો?
ઉંહું ઉંહું.

☆ ☆

# કુત્તો

કુત્તો અમારો ચોકીદાર.
ઘર ફરતો આંટા ફરે;
નવતર ભાળી ભસવા લાગે;
રાત આખી જાગ્યા કરે.

ચાલો એને જોવા જઈએ.
વાહ, કુત્તાભાઈ! વાહ!
ઝાડ થઈને છાતીએ ચડ્યા.
ખુશી થઈને મોં ચાટયું.
ભોંય પડીને પેટ દેખાડયું.
કેડ મરડીને પૂંછડી હલાવી.
ઉં ઉં કરીને હેત બતાવ્યું.

વાહ, કુત્તાભાઈ! વાહ!
વાહ રે તમારો પટ્ટો!
પટ્ટામાં કાંઈ નામ શોભે છે!
બસ, કુત્તાભાઈ! બસ!

☆ ☆

# દેડકું

ઘરને બે ખાળ છે;
એક છે ઉગમણી, એક છે આથમણી.
એક ખાળે દેડકી રહે;
બીજી ખાળે દેડકો રહે.
ચાલો ને આપણે પકડીએ?
ધીરી થા ને! એમ તે કાંઈ પકડાય?
જો ને એ કુદક કરતું ભાગે છે!
રૂમાલ નાખવા દો, રૂમાલ.
અરે, એને આમ પકડો ને?
કાં ભાઈ! ભાગ્યા'તા ને?
ફુલાવો હવે પેટ, ને હલાવો ટાંટુડી.
જુઓ તો કાંઈ હાંફે છે!
એ દેડકાભાઈ! જરા ગાણું તો ગાઓ?
એ, જવા દ્યો, જવા દ્યો;
આ પેલી દેડકી મૂંઝાય છે.
એ કૂદ્યા; એ કૂદ્યા; એ ખાળમાં પેઠા!

☆☆

# શેળો

ગોળ ગોળ દડ્યો જાય;
વાડે વાડે રડ્યો જાય;
સાપ મળે તો સામો થાય;
પૂંછડી પકડી બેસી જાય.

માથું કૂટી સાપ મરે;
શેળો બેઠો મોજ કરે.

પાણી ભાળી પાછો ફરે;
પાણી છાંટયે રીડયું કરે.
પાણીમાં જો પડી જાય;
ચારે પગે તરવા ધાય.

ઉંદર જાતે શેળો જાત;
અંગે કાંટા એક લાખ.

ઉંદર ચાલે ચાલ્યો જાય;
અડતાં ગોળા જેવો થાય.
શેળો વાડે વાડે દડે;
શેળો સાપની પાછળ પડે.

☆ ☆

# ખિસકોલી

આવો, ખિલીબાઈ! આવો:
ઝટપટ ઝટપટ દોડી આવો;
પૂંછડી હલાવતાં દોડી આવો;
આમતેમ જોતાં દોડી આવો.
કાં ખીલીબાઈ! શું ખાશો?

ફળ ખાશું,
ફૂલ ખાશું,
દાણા ખાશું,
અન્ન ખાશું.

વાહ! ખિલીબાઈ કાંઈ બેઠાં છો!
આ તો બેઠાં માણસ જેમ;
આ તો બેઠાં વાંદર જેમ.

ત્યારે તમારી વાર્તા છે.
ત્યારે તમને ગાર આવડે.
ત્યારે તમને ફોલતાં આવડે.
ત્યારે તમને રાજા પરણે.

☆ ☆

# બકરી

પાડોશમાં એક બકરી છે.
બકરીને બે બચ્ચાં છે;
એક બચ્ચું કાળું છે,
બીજું બચ્ચું ધોળું છે.
ચાલો જઈએ બકરી પાસે.
અરે! આ તો ધાવે છે.
બચબચ કરતાં ધાવે છે,
ડોક હલાવતાં ધાવે છે,
ખુશ ખુશ થાતાં ધાવે છે.
માશી, માશી! બચ્ચાં લઈએ?
આપણે એને પાળીએ?
બા, બા! જો તો ખરી?
કેવું એનું નાક છે!
કેવી એની પૂંછડી છે!
કેવું કેવું સુંવાળું છે!
કેવું રૂપાળું બોલે છે!

☆ ☆

# સસલું

ઘરમાં એક પાંજરું છે.
પાંજરામાં સસલું છે.
સસલાને મેં પાળ્યું છે.
કાં સસાભાઈ! શું ખાધું?
ઘરો ખાધી,
ચણા ખાધા,
રજકો ખાધો.
કાં સસાભાઈ! નહાયા ધોયા?
નાનાભાઈએ નવરાવ્યા;
મોટીબેને ધોવરાવ્યા.
કાં સસાભાઈ! શું કરશો;
બાબુ સાથે કૂદકા મારશું;
બચુના હાથમાં નહિ આવીએ.
વાહ, સસાભાઈ સાંકળિયા!

☆ ☆

# ગલૂડિયાં

કુતરી વિયાઈ; કૂતરી વિયાઈ.
ગલુ જોવા; ગલુ જોવા.
ચાલો ચાલો; ચાલો ચાલો.

કાળું ગલુ મનુનું;
રાતું ગલુ રૂખીનું;
ધોળું ગલુ ચંપાનું
ને કાબરું ગલુ મારું.

ચાલો આપણે રોટલા લાવીએ.
"આઈ માઈ, કૂતરી વિયાઈ;
ધાન દ્યો કે ધોકે દ્યો."

ઘણાં ઘર માગી વળ્યાં.
લે મોતી ! રોટલો ખા.
લે મોતી ! પાણી પી.
જો મોતી ! ગલુને ખૂબ ધવરાવજે.

☆ ☆

## ગા ય

ગમાણે ગાય છે.
ગાયને શિંગડાં છે.
શિંગડીએ રંગ છે.

ચાલો ને આપણે પાણી પાઈએ ?

જમુભાઈ ! ડોલ લાવો;
જશીબેન ! પાણી લાવો.

પો પો; ત્રો ત્રો !
પીઓ, માવડી ! પીઓ.

ઠંડાં પાણી પીઓ;
પો પો, ત્રો ત્રો !

એક ડોલ ખાલી થઈ;
બીજી ડોલ ખાલી થઈ;
ત્રીજી ડોલ ખાલી થઈ;
ચોથી ડોલે ધરાઈ ગયાં !

☆ ☆

# ભેંશ

વાડામાં એક ભેંશ છે.
ભેંશને બે શિંગ છે,
શિંગ ગોળ ગોળ છે.
પાછળ મોટું માથું છે.

ચાલો જોવા, ભેંશ દોહે છે.
ખાટલી ઉપર બેઠો છે.
કોણ છે એ? રઘુ ભરવાડ?
હા, બા! હું ભેંશ દોહું છું.

આ મારું નોંજણું છે;
આમાં હું દૂધ દોહીશ.

'ઝમઝમ, સરડસરડ!'
બોઘરણું આખું ભરાઈ ગયું.

☆ ☆

# ઘોડો

તબેલામાં ઘોડો છે.
ચાલો આપણે જોવા જઇએ.
ઓહો, આ તો હણહણ્યો!
એ તો આપણને બોલાવ્યા.

કાં ઘોડાભાઈ! ખડ ખાશો કે?
કાં ઘોડાભાઈ! પાણી પીશો કે?
રમજુ વિના નહિ ખાઓ?
રમજુ વિના નહિ પીઓ?

રમજુ તમને પાણી પાય;
રમજુ તમને ચંદી આપે.
રમજુ તમને માલેશ કરે;
રમજુ તમારી પથારી કરે.

રમજુ તમારો દોસ્તદાર!
લ્યો ઘોડાભાઈ હણહણ્યા!
એ તો એમાં "આવજો, આવજો."

☆ ☆

## વેલ

માંડવડે વેલ છે.
વેલે લીલાં પાન છે;
પાને પાને ફુલ છે;
ફૂલે ફૂલે વાસ છે.
ચાલો ને આપણે ફૂલ વીણીએ?
આ ડાળે તમે વીણો;
આ ડાળે તમે વીણો;
આ ડાળે હું વીણીશ;
આ ડાળે નાની વીણશે.
આ ડાળે લેશો નહિ;
આ ડાળે કળીઓ છે.
ફૂલનો મોટો ગંજ થયો.
દેવીબહેને વેણી ગૂંથી;
બચુભાઈએ હાર કર્યો;
નાનીબાએ થાળ ભર્યો;
તો ય ફૂલ વધી પડ્યાં!

☆ ☆

## બોરડી

ખેતરે ખેતરે શેઢા,
ને શેઢે શેઢે બોરડી.
બોરડી, બોરડી, તે કાંઈ બોરડી!
નકરી બોરડી જ બોરડી,
ચાલો છોકરાં! બોરાં વીણીએ.

રાતાં રાતાં બોરાં વીણીએ;
પાકાં પાકાં બોરાં વીણીએ;
વિણી વિણીને ખિસ્સે ભરીએ,

ઓહો, કાંઈ બોર છે!
ઓહો, કાંઈ મીઠાં છે?
લે, જમુભાઈ! થોડાંક લે;
મારી પાસે બહુ છે.

લ્યો, સંતોકબહેન! તમે લ્યો;
મેં આજે બહુ ખાધાં.
ચાલો હવે ઘેર જઈએ;
થોડાક બોર લેતાં જઈએ

☆ ☆

# દરેક ઘરમાં હોવાં જ જોઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશનો

### બાળકો તેમ જ કિશોરો માટેનાં

| | | | |
|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા • ૮૦ પુસ્તકો | આખા સેટના | ૨૦-૦-૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ • ૨૫ પુસ્તકો | ,, | ૭-૮-૦ |
| ૩ | બાલસાહિત્ય વાટિકા • ૩૫ પુસ્તકો | • દરેક પુસ્તકના | ૧-૦-૦ |
| ૪ | બાળવાર્તાઓ ભા.૧-૫ • શ્રી ગિજુભાઈ | ,, | ૧-૦-૦ |
| ૫ | કિશોરકથાઓ ભા. ૧-૨ ,, | ,, | ૧-૦-૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧-૨ ,, | ,, | ૦-૧૨-૦ |
| ૭ | બાળ લોકગીત સંગ્રહ ભા. ૧-૨ ,, | ,, | ૦-૬-૦ |
| ૮ | ધર્માત્માઓનાં ચરિતો ,, | | ૧-૮-૦ |
| ૯ | ઇસપનાં પાત્રો : ગધેડાં ,, | | ૦-૮-૦ |
| ૧૦ | મહાભારતનાં પાત્રો ૧-૧૩ • શ્રી નાનાભાઈ | • સેટના | ૧૨-૮-૦ |
| ૧૧ | રામાયણનાં પાત્રો ૧-૬ ,, | ,, | ૭-૮-૦ |
| ૧૨ | આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, | દરેકના | ૧-૮-૦ |
| ૧૩ | શ્રીમદ્ લોકભાગવત ,, | | ૫-૮-૦ |
| ૧૪ | ભાગવત કથાઓ ,, | | ૧-૮-૦ |
| ૧૫ | બાલરામાયણ શ્રી મોંઘીબેન | | ૧-૮-૦ |
| ૧૬ | ભગવાન બુદ્ધ શ્રી ગિજુભાઈ | | ૦-૬-૦ |
| ૧૭ | સો. કે.નાં પરાક્રમો શ્રી રમેશ ગૌતમ | | ૦-૫-૦ |
| ૧૮ | ટારઝન ભાગ ૧-૧૦ શ્રી શંકર શાહ | • દરેકના | ૦-૧૨-૦ |
| ૧૯ | રંગરેખા (ચિત્રસંગ્રહ-બે ભાગ) શ્રી સોમાલાલ શાહ | | ૩-૦-૦ |
| ૨૦ | બાપુજીની અને બીજી વાતો કપિલાબેન ઠાકોર | | ૦-૧૨-૦ |
| ૨૧ | પીળાં પલાશ (બાળનાટકો) શ્રીધરાણી | | ૦-૮-૦ |

:મળવાનું મુખ્ય સ્થળ:

## આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ